# મહે. ઓલપાડના એડિશ્નલ સીનીયર સીવીલ જજ અને એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ક્રિમીનલ કેસ નં.૩૯૯૮/૨૦૨૪
આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.
દિવ્યેશભાઈ કનુભાઈ ગામીત
રહેવાસી : સ્યાદલા ગામ, મંદિર ફલીયુ, તા.ઓલપાડ,
જી.સુરત.

**વિરૂધ્ધ.**

આરોપી : રાજેશકુમાર રાજેન્દ્ર દાશ.
રહે. : આશાપુરી સોસાયટી, અમરોલી સુરત.
મુળ રહે. : પરાસાગામ પોસ્ટ અમૌર, તા.મહેરમા,
થાના બદબધા, જી.ગોડ્ડા (ઝારખંડ).

**ગુનો : બી.એન.એસ.ની કલમ–૩૦૯ (૬), ૩ (૫), ૩૧૭ (૨) તથા જી.પી.એકટની ૧૩૫ મુજબ.**

## –:: કમીટલ હુકમ ::–

**(૧)** આ કામે આરોપી સામે તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ બી.એન.એસ.ની કલમ–૩૦૯ (૬), ૩ (૫), ૩૧૭ (૨) તથા જી.પી.એકટની ૧૩૫ મુજબનુ ચાર્જશીટ ત.ક.અમલદાર ધ્વારા અત્રેની કોર્ટમા રજુ કરતા આરોપી તેઓના વકીલશ્રી સાથે હાજર રહેલ. સદર કેસ ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટને હોય જેથી સદર કેસ નામદાર સેશન્સ કોર્ટમા કમીટ કરવાનો થતો હોય આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ–૩૦૯ (૬), ૩ (૫), ૩૧૭ (૨) તથા જી.પી.એકટની ૧૩૫ વિગેરે મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે. તે સંજોગોમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

**(૧)** આરોપી રાજેશકુમાર રાજેન્દ્ર દાશ સામેનો કેસ બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૨ મુજબ બી.એન.એસ.ની કલમ–૩૦૯ (૬), ૩ (૫), ૩૧૭ (૨) તથા જી.પી.એકટની

૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર સેશન્સ અદાલત, સુરત તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનુ તમામ અસલ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત, સુરત તરફ તાત્કાલીક મોકલી આપવુ.

(૩) બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૨ મુજબ આ કેસ કમીટ કર્યાની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, સુરતનાઓને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૭/૨૦૨૫
ઓલપાડ.

(દિપ્તી મૌલિક પંડયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ઓલપાડ
Code No. GJ-01290